Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

139

# વંચિત જુથમાં પ્રારંભિક બાળસંભાળ અને વિકાસ

**Dr. Jigneshkumar H. Limbaciya**

(M.A., M.Ed., M. Phil, P.hd., CIC, CCC+)

Assistant Professor

Darbar Gopaldas Shikshan Mahavidhyalya, Aliyabada (Jamnagar)

**ABSTRACT**

બાળવિકાસ અને મનોવિજ્ઞાન તરફ જ્યારે દ્રષ્ટિકોણ કરીએ ત્યારે વિવિધ મનોવિજ્ઞાનીઓએ આ બાબતે પોતાના સંશોધનો દ્વારા પ્રકાશ પાડ્યો છે.જેમા ફ્રોઈડ, યુંગ,જીન પિયાજે એડલર, ઓલ્પોર્ટ, મેસ્લો,,એરોક્સન,હોર્ની જેવા કેટલાય મનોવિજ્ઞાનીઓએ બાળવિકાસ અને મનોવિજ્ઞાન સંબધિત કાર્ય કર્યું છે.જ્યારે બાળક જન્મે છે ત્યારથી માંડીને તે પુખ્ત ઉમરનું થાય ત્યાં સુધીમાં તેની જીવશક્તિ કેટલું પરિવર્તન પામે છે,કેટલી કક્ષાઓ વટાવે છે અને તેમાં કેટલું વિઘટન થવાની શક્યતા છે.તેની સમજૂતી તેની આ વિકાસ અવસ્થાઓ પરથી સમજાય છે. આ સંદર્ભે બાળવિકાસ બાબતે જીન પિયાજે ના વિચારો જોઈએ તો પિયાજેનો જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાંત શૈશવથી તારુણ્યકાલ સુધીમાં બૌધિક વૃદ્ધિ-વિકાસ પર ભાર મુકે છે.પિયાજેના માટે બાળ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

માનસનું જગત પુખ્તવયના માનસ જગત કરતાં ભિન્ન છે.તે માને છે કે પુખ્ત વ્યક્તિની દુનિયા,વિષયની દ્રષ્ટિ,સમજ તેના વાતાવરણના અનુભવોનું સીધું પરિણામ નથી પરંતુ પોતાની તાર્કિક  વિચારણા પર માનવી પોતાની દુનિયા રચે છે.આ તાર્કિત વિચારણા છેક શૈશવકાળથી ક્રમશ: તબક્કાવાર રચાય છે.પિયાજે બાળકના જન્મથી પંદર વર્ષ સુધી થતા બૌદ્ધિક વિકાસની ચાર અવસ્થાઓ ગણાવે છે.

**પ્રસ્તાવના:-**

બાળ વિકાસ એ જૈવિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારોનો સમાવેશ કરે છે જે જન્મ અને કિશોરાવસ્થાના સમાપન વચ્ચે મનુષ્યમાં થાય છે, કારણ કે વ્યક્તિ પરાધીનતાથી વધતી સ્વાયતતા તરફ આગળ વધે છે. તે અનુમાનિત અનુક્રમ સાથે સતત પ્રક્રિયા છે, તેમ છતાં દરેક બાળક માટે એક અનોખો અભ્યાસક્રમ છે. તે એક જ દરે પ્રગતિ કરતું નથી અને દરેક તબક્કે અગાઉના વિકાસના અનુભવોથી પ્રભાવિત થાય છે. કારણ કે આ વિકાસલક્ષી ફેરફારો આનુવંશિક પરિબળો અને જન્મ પૂર્વેના જીવન દરમિયાનની ઘટનાઓથી તીવ્ર પ્રભાવિત થઈ શકે છે, સામાન્ય રીતે બાળ વિકાસના અધ્યયનના ભાગ રૂપે આનુવંશિકતા અને પ્રિનેટલ ડેવલપમેન્ટનો સમાવેશ કરવામાં આવે છે. સંબંધિત શરતોમાં વિકાસલક્ષી મનોવિજ્ઞાન, જીવનકાળ દરમિયાનના વિકાસનો ઉલ્લેખ અને બાળરોગ, બાળકોની સંભાળને લગતી દવાઓની શાખા સામેલ છે. વિકાસલક્ષી પરિવર્તન પરિપક્વતા તરીકે ઓળખાતી આનુવંશિક રીતે નિયંત્રિત પ્રક્રિયાઓના પરિણામે, પર્યાવરણીય પરિબળો અને શિક્ષણના પરિણામે થઇ શકે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

છે, પરંતુ સામાન્ય રીતે બંને વચ્ચે ક્રિયાપ્રતિક્રિયા શામેલ છે. તે માનવ પ્રકૃતિ અને આપણી વાતાવરણમાંથી શીખવાની આપણી ક્ષમતાના પરિણામે પણ આવી શકે છે.

બાળકના વિકાસમાં સમયગાળાની વિવિધ વ્યાખ્યાઓ હોય છે, કારણ કે દરેક અવધિ શરૂઆત અને અંતને લગતા વ્યક્તિગત તફાવતો સાથે સતત છે. કેટલાક વય-સંબંધિત વિકાસ સમયગાળા અને નિર્ધારિત અંતરાલોના ઉદાહરણો આ છે: નવજાત (0-4 અઠવાડિયાની ઉંમર); શિશુ (વય 4 અઠવાડિયા - 1 વર્ષ); નવું ચાલવા શીખતું બાળક (વય 12 મહિના-24 મહિના); પ્રિસ્કુલર (વય 2-5 વર્ષ); શાળા-વયના બાળક (વય 6-12 વર્ષ); કિશોર વયે (વય 13-19).

પેરેંટલ તાલીમ દ્વારા બાળકના વિકાસને પ્રોત્સાહન, અન્ય પરિબળોની વચ્ચે, બાળ વિકાસના ઉત્તમ દરને પ્રોત્સાહન આપે છે. માતાપિતા બાળકના જીવન, સમાજીકરણ અને વિકાસમાં મોટી ભૂમિકા ભજવે છે. બહુવિધ માતાપિતા રાખવાથી બાળકના જીવનમાં સ્થિરતા આવે છે અને તેથી તે તંદુરસ્ત વિકાસને પ્રોત્સાહિત કરી શકે છે. બાળકના વિકાસમાં બીજો પ્રભાવશાળી પરિબળ એ તેની સંભાળની ગુણવત્તા છે. બાળ સંભાળ કાર્યક્રમો, બાળ વિકાસના પ્રમોશન માટેની નિર્ણાયક તક પ્રસ્તુત કરે છે.

બાળકોનો શ્રેષ્ઠ વિકાસ એ સમાજ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે અને તેથી બાળકોના સામાજિક, જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને શૈક્ષણિક વિકાસને સમજવું મહત્વપૂર્ણ છે. આ ક્ષેત્રમાં સંશોધન અને રુચિમાં વધારો થવાને લીધે શાળા સિસ્ટમમાં વિકાસને પ્રોત્સાહન આપતી પ્રેક્ટિસના ચોક્કસ સંદર્ભમાં નવી સિદ્ધાંતો અને વ્યૂહરચનાઓ પરિણમી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

બાળવિકાસ અને મનોવિજ્ઞાન તરફ જ્યારે દ્રષ્ટિકોણ કરીએ ત્યારે વિવિધ મનોવિજ્ઞાનીઓએ આ બાબતે પોતાના સંશોધનો દ્વારા પ્રકાશ પાડ્યો છે.જેમા ફ્રોઈડ, યુંગ,જીન પિયાજે એડલર, ઓલ્પોર્ટ, મેસ્લો,,એરીક્સન,હોર્ની જેવા કેટલાય મનોવિજ્ઞાનીઓએ બાળવિકાસ અને મનોવિજ્ઞાન સંબધિત કાર્ય કર્યું છે.જ્યારે બાળક જન્મે છે ત્યારથી માંડીને તે પુખ્ત ઉંમરનું થાય ત્યાં સુધીમાં તેની જીવશક્તિ કેટલું પરિવર્તન પામે છે,કેટલી કક્ષાઓ વટાવે છે અને તેમાં કેટલું વિઘટન થવાની શક્યતા છે.તેની સમજૂતી તેની આ વિકાસ અવસ્થાઓ પરથી સમજાય છે. આ સંદર્ભે બાળવિકાસ બાબતે જીન પિયાજે ના વિચારો જોઈએ તો પિયાજેનો જ્ઞાનાત્મક વિકાસનો સિદ્ધાંત શૈશવથી તારુણ્યકાલ સુધીમાં બૌધિક વૃદ્ધિ-વિકાસ પર ભાર મુકે છે.પિયાજેના માટે બાળ માનસનું જગત પુખ્તવયના માનસ જગત કરતાં ભિન્ન છે.તે માને છે કે પુખ્ત વ્યક્તિની દુનિયા,વિષયની દ્રષ્ટિ,સમજ તેના વાતાવરણના અનુભવોનું સીધું પરિણામ નથી પરંતુ પોતાની તાર્કિક વિચારણા પર માનવી પોતાની દુનિયા રચે છે.આ તાર્કિત વિચારણા છેક શૈશવકાળથી ક્રમશ: તબક્કાવાર રચાય છે.પિયાજે બાળકના જન્મથી પંદર વર્ષ સુધી થતા બૌદ્ધિક વિકાસની ચાર અવસ્થાઓ ગણાવે છે.

**સંવેદન સ્નાયુલક્ષી અવસ્થા**

**સંવેદન સ્નાયુલક્ષી અવસ્થાના છ સોપાનો છે.**

**(૧) સોપાન-૧ (જન્મથી ૧ માસ)**

નવજાત શિશુ વારસામાં મળેલ ચોક્કસ શક્તિઓ સાથે જન્મે છે.આ શક્તિઓ પૈકી એક ચૂસવાની પ્રતિક્ષિપ્ત ક્રિયા પણ છે.જ્યારે હોઠને કોઈ પણ વસ્તુ અડકે છે ત્યારે તે આપોઆપ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

ચૂસવાનું શરુ કરી દે છે.પિયાજેના માટે આ પ્રતિક્ષિપ્ત ક્રિયા માટે બહારની વસ્તુ અડકવી અનિવાર્ય નથી નવજાત શિશુ પોતાની મેળે પણ તે ક્રિયા ચાલુ કરે છે. પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ ભાવિ વિકાસ માટેના આધારો બને છે.જ્યારે બાળક ભૂખ્યું ન હોય, ત્યારે તેની નજીક આવતી કોઈપણ વસ્તુ (આંગળીઓ,શાલ) વગેરેને તેને ક્રિયાલક્ષી જ્ઞાનાત્મક સંરચનાનો ઉપયોગ કરવા માટે ચૂસે છે પરંતુ જ્યારે તેની ભૂખ પ્રબળ બને ત્યારે તે ચૂસવા માટે વસ્તુને પસંદ કરવામાં પસંદગી અને ભેદ દર્શાવે છે.આ ઘટનાને પિયાજે "પરખાત્મક પરિપાચન" તરીકે ઓળખે છે.આ નવજાત શિશુમાં એક માસ દરમિયાન વિકસેલ પ્રાથમિક કક્ષાની "પરખ શક્તિ" છે.

**(૨) સોપાન-૨ (એક માસ થી ચાર માસ)**

શરીર સંબંધી અને સરળ રીતે એવી કેટલીક ટેવો વિકસે છે.એક માસના અનુભવે તેનામાં પ્રાથમિક સક્રિય પ્રતિક્રિયાઓનો વિકાસ થાય છે.જેના દ્વારા એ એવી ક્રિયાઓ કરે છે કે જે તેના માટે ઉપયોગી હોય એને પોતાના શરીર સાથે સંબધિત હોય.અર્થાત હવે તે ધ્યેયવિહીન હલનચલન કરવાને બદલે કંઇક મેળવવા હલનચલન કરે છે. હાથ મોઢામાં લાવવા માટે હાથનું હલનચલન કરે છે. પહેલા વસ્તુ મોઢામાં આવે તે પહેલાં ચૂસવા જેવી ક્રિયા શરુ કરે છે. અર્થાત તેનામાં પ્રાથમિક પૂર્વાનુમાનાત્મક અનુમાનનો વિકાસ થાય છે. આ સોપાન દરમ્યાન તેનામાં જોવાની જ્ઞાનાત્મક સંરચનાનો વિકાસ થાય છે . તે વધુ ને વધુ વસ્તુઓં જુએ છે. સાથોસાથ તેની જોવાની વસ્તુ પર વધુ કેન્દ્રિત થાય છે. તે જેનાથી પરિચિત છે તેનાથી જુદી વસ્તુને જોવાનું કૂતુહલ ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત સ્નાયુ સંવેદનાના આ સોપાનમાં અનુકરણ અને પોતાની આસપાસની વસ્તુની બાહ્ય વાસ્તવિકતા અને સમજ કેળવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**(૩) સોપાન -૩ (ચાર થી દશ માસ)**

ક્રિયાલક્ષી જ્ઞાનાત્મક સંરચના વિકાસ થાય છે. પહેલા જે ક્રિયા આકસ્મિક રીતે થઈ હોયતે ક્રિયા હવે ફરીથી રસપૂર્વક કરે છે.અનુકરણની ક્રિયા વધુ વ્યવસ્થિત બને છે તેની જ્ઞાનાત્મક સંરચનાઓની સંખ્યા અને વિસ્તાર વધ્યા હોય છે. આથી મોડેલાનું અનુકરણ કરી શકે છે. કારણ પરિણામની સૂઝ વિકાસ પામે છે એકવાર બોટલ પછાડવાથી દૂધ મળ્યાનો અનુભવ ઉપયોગમાં લઇ ,બીજીવાર દૂધ મેળવા બોટલ પછાડે છે. સ્પર્શ અને આંખનું સંકલન વિકસે છે. અર્થાત્ તેને જે બાબતોનો સ્પર્શ થાય છે તેના તરત તેનું ધ્યાન કેન્દ્રિત કરે છે.

**(૪) સોપાન-૪ (દશથી બાર માસ)**

આ અવસ્થામાં બાળક ચોક્કસ ધ્યેય સાથે ક્રિયા કરે છે. ધ્યેય સિદ્ધ કરવામાં અવરોધ જણાય ત્યારે તે અવરોધને દૂર કરવાની જરૂરિયાત અનુભવે છે આ અવરોધને દૂર કરવા પ્રથમ પ્રકારની ક્રિયા કરતા જુદી ક્રિયાનો ઉપયોગ કરે છે. વસ્તુના કાયમીપણનો ખ્યાલ વિકસે છે. કોઈ વસ્તુ સંતાડી દેવામાં આવેતો પણ તે સમજે છે કે તે વસ્તુનું અસ્તિત્વ છે. વસ્તુ નાશ પામી નથી. એવી ક્રિયઓનું અનુકરણ કરે છે કે જેને તે પોતેની પ્રવતર્માન ક્રિયાલક્ષી જ્ઞાનાત્મક સંરચનામાં રહેલા પૂર્વાનુભવો સાથે જોડી શકે. આ અનુકરણ સંપૂર્ણ ચોક્કસ હોતું નથી.

**(૫) સોપાન-૫ (બાર થી અઢાર માસ)**

નવીનતા શોધવાનું શરૂ કરે છે. પોતાની આસપાસની વસ્તુને વધુ જાણવા આતુર બને છે. તે પ્રયોગ કરવાનું શરૂ કરે છે. વસ્તુ ફેકે છે,ગોઠવે છે, ફરી ફેકે છે. આ અવસ્થામાં બાળકોના બધા વર્તનો પરિણામ જાણવા માટેનાં હોય છે.

- ધ્યેયને પ્રાપ્ત કરવા નવા રસ્તા શોધે છે.
- નવા મોડેલનું વ્યવસ્થિત અનુકરણ કરવા સક્ષમ બને છે.
- વસ્તુ અને પર્યાવરણ વચ્ચેનો સ્થિતિજન્ય સંબંધ સમજી શકે છે.

**(૬) સોપાન - ૬ (અઢા  માસથી બે વર્ષ )**

- આ પેટા સોપાન દરમિયાન વિચાર પ્રક્રિયા શરૂ થાય છે. આથી જૂદા –જૂદા અનુભવોનું સંકલન કરીને સમસ્યા ઉકેલવાના રસ્તાઓ વિચારી શકે છે.
- જ્યરે તે ક્રિયા મોડેલને જુએ છે ત્યારે માત્ર માનસિક રીતે તેની ક્રિયાઓને નોધ લે છે. ત્યાર બાદ મોડેલની ક્રિયાઓને મોડેલની ગેરહાજરીમાં વ્યક્ત કરી શકે છે.

**પૂર્વ માનસિક ક્રિયાત્મક વિચાર અવસ્થા : (૨ થી ૭ વર્ષ )**

પિયાજે આ અવસ્થાને “પૂર્વક્રિયાત્મક અવસ્થા” તરીકે ઓળખવામાં આવે છે.કારણ કે આ અવસ્થામાં બાળક એક જ દિશામાં માનસિક ક્રિયા કરી શકે છે. જે દિશામાં ક્રિયા હોય તેનાથી વિરુદ્ધ દિશામાં ક્રિયા કરી શકતું નથી.દા.ત. ૯ નો વર્ગ ૮૧ થાય તે સમજી શકે છે.પણ તેને ૮૧ આપેલા હોય તો તે ૯ નો વર્ગ છે તેનો ખ્યાલ આવતો નથી. આ બંને એકબીજી સાથે સંકળાયેલ છે તેનો ખ્યાલ આ અવસ્થામાં વિકસ્યો હોતો નથી.

**લક્ષણો :- (બે થી સાત વર્ષ)**

**(૧) અવસ્થામાં ભાષા વિકાસ ઝડપી હોય છે.:-**

બે વર્ષની ઉંમર સુધીમાં માંડ ૨૦૦ શબ્દોનું ભંડોળ ધરાવનાર બાળક સાત વર્ષ પૂર્ણ થતાં સુધીમાં માતૃભાષાના ૫૦૦૦ શબ્દોથી વધુ ભંડોળ ધરાવતું થઇ જાય છે.આ અવસ્થા તેના બોલીના શબ્દોના વિકાસની છે.શબ્દો શીખવવા પડતા નથી.પિયાજે ના મતે આ અવસ્થાના બાળકોનો શબ્દનો ઉપયોગ છેતરામણો હોય છે.નાનું બાળક શબ્દ પ્રયોગ કરે ત્યારે ખરેખર જે વસ્તુ માટે તે વાપરવો જોઈએ તેને માટે જ તે વાપરે તેની ખાતરી હોતી નથી.

**(૨) અહં કેન્દ્રિયતા: -**

આ અવસ્થાનું બીજું લક્ષણ છે.પોતે જે વિચારે છે તે જ સાચું છે.આથી પોતે ખોટું વિચારે તે માનવા તૈયાર નથી તેથી બીજાના વિચારોને સ્વીકારતું નથી.વિચારોનું આ અહં કેન્દ્રિયપણું જ્યારે સમવયસ્કોના સંપર્કમાં આવે છે અને તેમના વિચારો સાથે પોતાના વિચારોનો સંઘર્ષ થાય છે ત્યારે ધીરે ધીરે દૂર થાય છે.

**(૩) સાતત્ય ખ્યાલનો વિકાસ થયો હોતો નથી: -**

- આ અવસ્થાના બાળકના મનમાં એવો ખ્યાલ હોય છે કે લંબાઈ જેમ વધુ તેમ સંખ્યા વધુ.અર્થાત આ અવસ્થાને તેના વિચારો તાર્કિક બન્યા હોતા નથી.
- માત્ર પ્રત્યક્ષીકરણ પર તેના નિર્ણયો આધારિત હોય છે.
- નવું જાણવાની કૂતુહલ વૃતિ વધુ હોય છે.સતત પ્રશ્નો પૂછ્યા કરે છે.

- ૫ થી ૭ વર્ષ દરમિયાન બાળક ચોક્કસ ગુણધર્મો નક્કી કરીને વસ્તુઓનું વર્ગીકરણ કરી શકે છે.વર્ગીકરણના એક થી વધુ લક્ષણો હોય ત્યારે શ્રેણીબદ્ધ વર્ગીકરણ કરી શકે.
- આ અવસ્થા દરમિયાન (૫ થી ૭ વર્ષ) ક્રમનો ખ્યાલ વિકાસ પામે છે.બે અલગ અલગ હારમાં ગોઠવેલ અલગ અલગ વસ્તુઓની સમકક્ષતા નક્કી કરી શકતું નથી.
- આ અવસ્થામાં બાળકોના વિચારો એકમાર્ગીય અને માર્યાદિત માહિતી પર કેન્દ્રિત હોય છે.
- આ અવસ્થામાં બાળકોમાં સાતત્ય પરિવર્તનીયતા કે વિકેન્દ્રીયતાના ખ્યાલો વિકસ્યા હોતા નથી.છતાંય તે મહત્વની બૌદ્ધિક ક્ષમતાઓ ધરાવે છે.

દા.ત. સાતત્યના પ્રયોગમાં એક વાસણમાંથી પ્રવાહી બીજા વાસણમાં નાખવામાં આવે ત્યારે તે માને છે કે બીજા વાસણમાં પ્રવાહીના જથ્થામાં ફેરફાર થયો છે.પરંતુ,તેને તે ખ્યાલ કે તે બંને વાસણમાં પ્રવાહી તેનું તે જ છે. પડદાની દોરી  ખેંચવાથી પડદો ખુલે છે.તે ક્રિયા જોઇને ખેંચવું અને ખુલવું ,આ બંને ક્રિયાઓ પરસ્પર જોડાયેલી છે તે સમજી શકે છે.

**મૂર્ત માનસિક ક્રિયાત્મક અવસ્થા :- (૭ થી ૧૧ વર્ષ)**

- આ અવસ્થા દરમિયાન બાળક મૂર્ત સમસ્યાઓને તાર્કિક રીતે ઉકેલી શકે છે. “મૂર્ત” એટલે વસ્તુ કે ઘટનાની વાસ્તવિક હાજરી.
- આ અવસ્થાએ બાળક સામે પદાર્થો મૂર્ત સ્વરૂપમાં મૂકીને સમસ્યાઓ રજુ કરવામાં આવે, તો તે અત્યાર સુધી જ માનસિક ક્રિયાઓ કરી કરી શકતું ન હતું તે પૈકી નીચેના જેવી કેટલીક માનસિક ક્રિયાઓ કરી શકે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

- આ અવસ્થામાં નક્કર વસ્તુનું વર્ગીકરણ કરવાની અને વર્ગીકરણની શ્રેણીની કક્ષા વચ્ચેનો સંબંધ સ્થાપવાની ક્ષમતા વિકાસ પામે છે.
- ક્રમનો ખ્યાલ વધુ વિકસ્યો હોય છે.મૂર્ત વસ્તુઓને ઝડપથી ક્રમમાં ગોઠવી શકે છે.બે અલગ અલગ હાર ના ઘટકો વચ્ચે એક એક સંગતતાનો સંબંધ નક્કી કરે છે.અને આ સંબંધ અંગે સાતત્ય પણ વિકાસ પામે છે.
- સંખ્યાની દ્રષ્ટીએ સમાન બે સમૂહો રચી શકે છે અને તે બંને સમૂહના સભ્યોનું સ્થાનાંતર કરવામાં આવે તો પણ તેની સંખ્યા સમાન હોવાનો ખ્યાલ વિકાસ પામે છે.
- બાળકમાં પ્રવાહીના જથ્થાના સાતત્યનો ખ્યાલ વિકસે છે.જુદા-જુદા આકારમાં પ્રવાહીનો જથ્થો સમાન રહે છે તેના કારણો આપી શકે છે.
- સમસ્યાના ઘણા પાસાઓ વચ્ચેનો સંબંધ નક્કી કરી શકે છે.
- પરિસ્થિતિમાં થતા ફેરફારો પર ધ્યાન આપી શકે છે.
- પારસ્પરિક સંબંધનો ખ્યાલ વિકાસ પામે છે.

**ઔપચારિક પ્રક્રિયા અવસ્થા (૧૧ થી ૧૫ વર્ષ)**

પિયાજે એ આ અવસ્થાને ઔપચારિક ક્રિયાઓની અવસ્થા ગણાવેલ છે કારણકે બાળકો હવે ઔપચારિક તાર્કિકતા માટે જરૂરી ઉલટ-સુલટ પ્રક્રિયાઓ કરી શકે છે.આ અવસ્થા એવી છે તેમાં પુખ્ત વિચારોની મોટા ભાગની લાક્ષણિકતાઓ વિકાસ થાય છે.

**ઉપસંહાર :-**

બાળકોના જ્ઞાનાત્મક વિકાસ એ જન્મથી તરુણાવસ્થા દરમિયાન બૌદ્ધિક સંરચનાઓના બંધારણની વિકાસાત્મક પ્રક્રિયા છે.પ્રારંભમાં આ સંરચનાઓ સ્નાયુઓ અને સંવેદનાઓ પર આધારિત હોય છે.ત્યારબાદ ક્રમશ: વિકાસ પર પોતાનું સમગ્ર વિશ્વ રચે છે.બાળકે પોતાના વિકાસ માટે પર્યાવરણ સાથે આંતરક્રિયા કરવી પડે છે.આ ક્રિયાઓ દ્વારા જૂના અને નવા જ્ઞાનના જોડાણો અને સુધારા થાય છે.તેના પરિણામ સ્વરૂપે હકીકતલક્ષી જ્ઞાનાત્મક સંરચનાઓનો વિકાસ થાય છે.વિકાસનું પ્રત્યેક સોપાન વ્યક્તિને પોતાની પર્યાવરણ સાથે કામ કરવા વધુ અસરકારક બનાવે છે.હકીકતલક્ષી જ્ઞાનાત્મક સંરચનાનો પ્રત્યેક નવો ફેરફાર તેની વિચાર શક્તિમાં ગુણાત્મક ફેરફાર કરે છે.

દરેક બાળક માટે વિકાસની શ્રેણી સમાન હોય છે.પરંતુ ! વિકાસનો દર બાળક પ્રમાણે નોંધપાત્ર રીતે જૂદો હોય છે.પિયાજેના માટે આ વિકાસ પર જાતીયતાની અસર નથી.છોકરા-છોકરીની વિકાસની ઝડપ સરખી હોય છે.શાળાએ જતાં ન જતાં બાળકોની માનસિક ક્રિયામાં તફાવત હોતો નથી.વિકાસ પર સંસ્કૃતિની નહિવત અસર જોવા મળે છે.તમામ સંસ્કૃતિના બાળકો વિકાસની આ અવસ્થાઓની સમાન શ્રેણીમાં પસાર થતા હોય છે.પરંતુ કેટલાક વિશિષ્ઠ ખ્યાલોની બાબતમાં જુદા પડે છે.

**સંદર્ભ સૂચિ :-**

(૧) ડો. નનુભાઈ એસ દોંગા (૨૦૦૬) 'શિક્ષણના મનોવૈજ્ઞાનિકો અને તેમના સિદ્ધાંતો'નિજ્જિન સાયકો સેન્ટર,રાજકોટ.

(૨) ડો. કુસુમબેન કે. ભટ્ટ (૧૯૯૬) 'વ્યક્તિત્વના સિદ્ધાંતો' યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ.

(૩) ડો. બી. એ પરીખ (૨૦૦૧) 'મનોવિજ્ઞાનના સંપ્રદાયો અને સિદ્ધાંતો' યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ.

(૪) 'વિકિપીડીયા' ઈન્ટરનેટ.